સમાજવિજ્ઞાનના પીએચ.ડી., પોસ્ટ-પીએચ.ડી. સ્કોલરો અને
આસિસ્ટન્ટ પ્રોફેસરો માટેની

આંતરક્રિયાત્મક (Interactive)
કાર્યશાળા

# "સમાજવિજ્ઞાન સંશોધનઃ
# લેખન કૌશલ્ય અને પ્રકાશન"

## તારીખઃ 19 થી 25 સપ્ટેમ્બર, 2024

## સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ,
ઉધના-મગદલ્લા રોડ, સુરત - 395007.
ફોનઃ 0261 - 2977172/ 174,
ઈ-મેઈલઃ webinar@css.ac.in

**સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ, સુરત (સેન્ટર)**

સેન્ટર સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતી રાષ્ટ્રીય કક્ષાની સમાજવિજ્ઞાનની સંશોધન સંસ્થા છે. ઈ.સ. 1969માં ભારત સરકારે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશ્યલ સાયન્સ રિસર્ચ (ICSSR) – ભારતીય સામાજિક વિજ્ઞાન અનુસંધાન પરિષદની સ્થાપના કરી. કાઉન્સીલનો મુખ્ય ઉદ્દેશ સમાજવિજ્ઞાનની વિભિન્ન વિદ્યા શાખામાં જુદાં જુદાં ક્ષેત્રોમાં થતાં વૈજ્ઞાનિક સંશોધનના કાર્યને આર્થિક અને બીજી સહાય દ્વારા પ્રોત્સાહન આપવાનો અને વિકાસ કરવાનો છે. સેન્ટરની શરૂઆત પણ કાઉન્સિલની સાથે ને સમાંતરે, 1969 માં સાવ નાના પાયે થઈ. સંસ્થાના સ્થાપક પ્રો. આઈ.પી. દેસાઈએ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર પદેથી વહેલી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને સંસ્થાની સ્થાપના કરી.

**અભિગમ**

સેન્ટરની મુખ્ય પ્રવૃત્તિ સમાજવિજ્ઞાનની જુદી જુદી વિદ્યાશાખાઓનો સમન્વય કરી સમાજવિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન કરવા સંબંધિત છે. આ ઉપરાંત સંસ્થા શિક્ષણ અને તાલીમ આપવાનું, અને સંશોધન અંગે માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે. તેમજ દેશના વિકાસનાં કામોના આયોજન અને મૂલ્યાંકનના કામમાં પણ સહભાગી છે.

સંસ્થા ગુજરાતમાં વસી છે. એટલે સ્વાભાવિકપણે તેનું મુખ્ય કાર્યક્ષેત્ર ગુજરાત છે, જો કે સ્થાન-અનુકૂળતાના કારણે દક્ષિણ ગુજરાતના વધુ અભ્યાસો થયા છે. અલબત્ત, તે સાથે રાષ્ટ્રિય કક્ષાના અને બીજા રાજ્યો સાથેના તુલનાત્મક અભ્યાસો પણ થયા છે કે જેથી સમાજના પ્રવાહોને સમજવાનો પરિપ્રેક્ષ્ય વિસ્તૃત બને. આમ તો, સમગ્ર સમાજ એ અમારું કાર્યક્ષેત્ર છે, પરંતુ નબળા સમૂહો અને સમુદાયો જેવા કે સ્ત્રીઓ, આદિવાસીઓ, દલિતો, અને શ્રમજીવી લઘુમતીઓ પર અમે અમારું ધ્યાન સવિશેષપણે કેન્દ્રિત કર્યું છે. આ સમુદાયોના વિકાસના સવાલો, તેમની સંસ્કૃતિ, સામાજિક રીત રિવાજો, શિક્ષણ, અસ્પૃશ્યતા, આંદોલનો, નેતાગીરી, વગેરે અંગેના અનેક અભ્યાસો સેન્ટરે કર્યા છે. ગ્રામીણ વિસ્તારો ઉપરાંત શહેરી સમાજના પ્રશ્નો, જેવાં કે ઔદ્યોગિકીકરણ, શહેરી આયોજન, કામદાર વર્ગ, વગેરે વિષયો પર પણ અભ્યાસો થયા છે. સેન્ટર તેના દ્વારા થયેલ સંશોધનો તેમજ અન્ય મહત્ત્વના વિષયો પર ગુજરાતી તેમજ અંગ્રેજીમાં પુસ્તકો પણ પ્રકાશિત કરે છે. આ પૈકીના કેટલાંક પુસ્તકોનો વિનિયોગ યુનિવર્સિટીઓના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં કરવામાં આવે છે. સંસ્થા છેલ્લાં ચાલીસ વર્ષોથી ગુજરાતીમાં સમાજવિજ્ઞાનની ત્રૈમાસિક જર્નલ 'અર્થાત્' પ્રકાશિત કરે છે. આ જર્નલ ગુજરાતના સમાજવિજ્ઞાનના સંશોધકો તેમજ અધ્યાપકોને ગુજરાતીમાં લેખ પ્રકટ કરવાનો મંચ પૂરો પાડે છે. તેમજ મહત્ત્વના સૈધ્ધાંતિક, વૈચારિક અને દાર્શનિક વિષયો પર ગુજરાતીમાં વાંચન સામગ્રી પૂરી પાડે છે.

**સંશોધન પદ્ધતિની તાલીમ કાર્યશાળા**

ગુજરાત અને ગુજરાતની બહારની કોલેજ અને યુનિવર્સિટીના શિક્ષકો અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ સાથે અવાર-નવાર સંશોધન પદ્ધતિઓ અંગે આંતરક્રિયા અને સંવાદ કરવા અર્થે 7 દિવસની આંતરક્રિયાત્મક કાર્યશાળા સેન્ટર છેલ્લા ત્રણ દાયકાથી યોજતું આવ્યું છે. અમે માનીએ છીએ કે સંશોધન પદ્ધતિ અને સંશોધન પ્રશ્નો ખૂબજ ઘનિષ્ઠ રીતે પરસ્પર સંકળાયેલા છે. સંશોધન પ્રશ્ન સ્પષ્ટ હોય તો પદ્ધતિઓ સમજવી અને તેનો ઉપયોગ કરવો સરળ બને. તેથી જ 7 દિવસની કાર્યશાળામાં સંશોધનના સવાલોનું ઘડતર, ઉપકલ્પનાઓ, સંશોધન પ્રસ્તાવ, માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ, વિશ્લેષણની અંતે અન્ય આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ અને સાધનો, SPSS દ્વારા માહિતીનું પૃથક્કરણ અને અહેવાલ લેખન જેવા વિભિન્ન વિષયોને આવરી લેવામાં આવે છે.

સંસ્થા પાસે અદ્યતન કોમ્પ્યુટર પ્રણાલી છે. જેનો લાભ વખતોવખત સેન્ટરના સંશોધન પ્રકલ્પો ઉપરાંત બહારના બૌદ્ધિકો અને વિદ્યાકીય સમૂહને પણ મુકતપણે મળે છે. સંસ્થાએ સમાજવિજ્ઞાનના વિષયોને લગતુ પુસ્તકાલય વિકસાવ્યું છે. જેમાં 33,000 કરતા વધારે પુસ્તકો હોવા ઉપરાંત તેમાં દેશ-વિદેશથી 80 જર્નલો આવે છે. પી.એચડી.ના વિદ્યાર્થીઓ તેમજ કોલેજના તેમજ યુનિવર્સિટીના અધ્યાપકોને એમના સંશોધનમાં જરૂરી માર્ગદર્શન આપવા માટે વિમર્શ-આંતરક્રિયા (consultancy) કાર્યક્રમ પણ સંસ્થાએ અપનાવ્યો છે.

**કાર્યશાળાનો હેતુ**

ગુજરાતની કોલેજો અને યુનિવર્સિટીઓના સમાજવિજ્ઞાનના અધ્યાપકો તેમજ સંશોધકો માટે વિભિન્ન સ્વરૂપના આલેખનો જેવા કે સંશોધન-અહેવાલ, લેખો અને પુસ્તકો સંબંધિત લેખન કૌશલ્યના જુદા જુદા પાસા અંગે તેમજ આવા વિભિન્ન આલેખનોના પ્રકાશનને આનુષંગિક વિભિન્ન બાજુઓ, સંબંધે આંતરક્રિયા અને વિમર્શ/ સંવાદ કરવાના હેતુથી એક સપ્તાહની અવધિની એક કાર્યશાળા તા.19.09.2024 થી 25.09.2024 સુધી સેન્ટર દ્વારા યોજવામાં આવેલ છે. આ કાર્ય-શિબિરમાં નીચે દર્શાવેલ વિષયો આવરી લેવાશે. આ કાર્યશિબિરની વિશેષતા એ છે કે તજજ્ઞો સાથેનો સહભાગીઓની આંતરક્રિયા અને સવાદ મહ્દશે ગુજરાતીમાં રહેશે. આ કાર્યશાળા ભારતીય સામાજિક વિજ્ઞાન અનુસંધાન પરિષદ (ICSSR) ન્યુ દિલ્હીની નાણાકીય સહાય દ્વારા પ્રાયોજિત છે. આ કાર્યશાળામાં સમાજવિજ્ઞાનની Ph.D., Post - Ph.D. કરતા સંશોધકો તેમજ કોલેજ/ યુનિવર્સિટીના અધ્યાપકો જોડાઈ શકશે.

**ફેકલ્ટી**

આ કાર્યશાળામાં તજજ્ઞો તરીકે સેન્ટર તેમજ અન્ય સંસ્થા સાથે સંકળાયેલ ફેકલ્ટી સભ્યો સેવા આપશે.

**આવરી લેવાનાર વિષયો (આ સૂચિમાં ફેરફારને અવકાશ છે)**

- ⇒ સાંપ્રત સંદર્ભમાં સંશોધન – પ્રકાશન સંબંધિત પડકારો
- ⇒ ગુજરાતીમાં સમાજ વિજ્ઞાનના પ્રકાશનો એક વિહંગાવલોકન
- ⇒ સંશોધન પ્રરચના
- ⇒ સાહિત્ય સમીક્ષા
- ⇒ ગ્રંથ સૂચિ અને સંદર્ભ સૂચિ
- ⇒ અંકીય ઉપકરણો દ્વારા ગ્રંથાલયનો વિનિયોગ અને માહિતી એક્ત્રીકરણ
- ⇒ દ્વિતીયક/ગૌણ માહિતી/ આધાર સામગ્રી અને સંશોધન લેખન
- ⇒ સંશોધન પ્રસ્તાવ કેવી રીતે લખશો?
- ⇒ પરિણામો/ ઉત્પન્નોનું (વિશ્લેષિત તારણો/ આલેખો/ કોઠાઓ) વિભિન્ન પ્રકાશિત સ્વરૂપોમા પ્રસ્તુતીકરણ
- ⇒ ક્ષેત્રીય નોંધો અને એકમ અભ્યાસોનું આલેખન
- ⇒ શીર્ષક, સંક્ષેપ, અને કેન્દ્રિયપદોનું આલેખન કઈ રીતે કરશો?
- ⇒ અહેવાલ અને પુસ્તકના સ્વરૂપે સમાજવિજ્ઞાન સંશોધનનુ આલેખન
- ⇒ જર્નલ લેખ અને સંપાદિત પુસ્તકમાં લેખસ્વરૂપે સમાજવિજ્ઞાન સંશોધનનું આલેખન
- ⇒ ભાષાંતર વિશે
- ⇒ સ્વ-સંશોધનના પ્રકાશનમાં અધ્યયનાર્થીને નડતી સામાન્ય વિટંબણાઓ
- ⇒ ઓનલાઈન માહિતી સામગ્રી અને ઈન્ટરનેટ સ્રોતો: ભારતીય સમાજવિજ્ઞાન અનુસંધાન પરિષદની આધાર સામગ્રી સેવાઓ
- ⇒ સોફ્ટવેર થકી સાહિત્યિક ઊઠાંતરીને કેવી રીતે રોકવી?
- ⇒ પત્રકારીય લખાણમાં સામાજિક વાસ્તવનું પ્રતિબિંબ
- ⇒ સમાજવિજ્ઞાન સંશોધનમાં નારીવાદનો સમાવેશ
- ⇒ પ્રકાશન મંચ: જર્નલની શોધ, બનાવટી જર્નલને શી રીતે ટાળવી, લેખપ્રકાશન માટે સુપ્રત કરવાની માર્ગદર્શક - રેખા
- ⇒ API, ISSN, Scopus અને UGC Care List ની સમજૂતી
- ⇒ સમાજવિજ્ઞાન સંશોધનમાં નીતિશાસ્ત્ર

સહભાગીઓ (participants)ની મહત્તમ સંખ્યાઃ 30.
અવધિ: 7 દિવસ (એક અઠવાડિયું)

**કાર્યશાળાનું શુલ્ક અને અન્ય બાબતો**

પસંદ પામેલ સહભાગીએ કાર્યશાળા માટે કોઈ શુલ્ક આપવાનું રહેશે નહીં. બહારગામથી આવનાર સહભાગીઓને સંસ્થાના અતિથિગૃહમાં રહેવાની સગવડ મળશે. તદ્‌પરાંત ICSSRના ધારાધોરણ પ્રમાણે તેમને આવવા-જવાનું ટ્રેન કે બસનું દ્વિતીય વર્ગ સ્લીપર (ટૂંકા અંતર) કે તેને સમકક્ષ ભાડું મળવાપાત્ર રહેશે. રહેવા-જમવાની વ્યવસ્થા સંસ્થા પૂરી પાડશે.

**રહેઠાણ (ગેસ્ટહાઉસ)**

સંસ્થા પાસે અતિથિ ગૃહની વ્યવસ્થા છે; જેમાં ખંડની ફાળવણી "વહેલો તે પહેલો"ના ધોરણે કરવામાં આવશે.

**નોંધઃ નોંધણી પત્રક (registration form) સેન્ટરની વેબસાઈટ (www.css.ac.in) પરથી ડાઉનલોડ કરી જરૂરી માહિતી ભરીને પરત નીચેના સરનામે કરવું.**

**પત્રક મોકલવાની છેલ્લી તારીખઃ 27 ઓગષ્ટ, 2024**
(પસંદગી પામેલ સહભાગીને ઈ-મેઈલ/ વોટસએપ દ્વારા જાણ કરવામાં આવશે.)

પત્રક મોકલવાનું અને વધુ માહિતી માટે સંપર્કનું સરનામું.

**ગગન બિહારી સાહુ**
**કાર્યશાળા સંયોજક,**
સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ,
ઉધના-મગદલ્લા રોડ, સુરત - 395007.
ફોનઃ 0261-2977172/ 174, (મો.) 9662138004
ઈ-મેઈલઃ webinar@css.ac.in

સંસ્થા વિશે વધુ માહિતી મેળવવા સંસ્થાની વેબસાઈટ www.css.ac.in ની મુલાકાત લો.

ICSSR નવી દિલ્હી પ્રાયોજિત

``સમાજવિજ્ઞાન સંશોધનઃ લેખન કૌશલ્ય અને પ્રકાશન''

પરની આંતરક્રિયાત્મક કાર્યશાળા :

આયોજક અને કાર્યશાળાનું સ્થળ :

સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, સુરત - 395007.

**તારીખઃ 19 થી 25 સપ્ટેમ્બર, 2024**

નોંધણી પત્રક

**(પત્રક મોકલવાની છેલ્લી તારીખ - 27 ઓગષ્ટ, 2024)**

| | | | |
|---|---|---|---|
| 1. | નામ | : | |
| 2. | જન્મ તારીખ (ઉંમર) | : | |
| 3. | લિંગ (પુરુષ/ સ્ત્રી) | : | |
| 4. | સામાજિક શ્રેણી | : | સામાન્ય/ SC/ ST/ OBC/ ભિન્ન શારીરિક ક્ષમતા ધરાવતા (PHs)/ લઘુમતી<br>વિગત: |
| 5. | શૈક્ષણિક લાયકાત અને વિદ્યાશાખા | : | |
| 6. | કક્ષા: (1) આસિસ્ટન્ટ પ્રોફેસર, (2) પીએચ.ડી., (3) પોસ્ટ-પીએચ.ડી. | | |
| 7. | સંસ્થા અથવા યુનિવર્સિટીનું નામ (પીએચ.ડી., પોસ્ટ પીએચ.ડી. જ્યાં નોંધાયેલ છે/ જયાં કાર્યરત છે). | : | |
| 8. | સંશોધનકાર્યની વર્તમાન સ્થિતિ | : | જેમ કે, સાહિત્યની સમીક્ષા/ માહિતી એકત્રીકરણ/ માહિતીનું વિશ્લેષણ/ મહાનિબંધ લખવા (વિગત આપવ) |

| | | | |
|---|---|---|---|
| 9. | સંશોધનનો વિષય/ શિર્ષક (હાલના સંશોધનકાર્ય સંબંધિત એક પાનાની વિગત આ સાથે બીડવી)(પીએચ.ડી. પૂર્ણ કરેલ હોય તો આસિ. પ્રો. પણ વિગત* ભરવી) | : | |
| 10. | પત્ર-વ્યવહારનું સરનામું | : | |
| 11. | મોબાઈલ નંબર | : | |
| 12. | ઈ-મેઈલ આઈ-ડી | : | |
| 13. | રહેઠાણની જરૂરીયાત છે? | : | હા/ ના |
| 14. | તમે અત્યાર સુધીમાં આ સંસ્થા દ્વારા યોજાયેલ સંશોધન કાર્યશિબિરમાં હાજરી આપી છે? | : | હા/ ના<br>વિગત : |
| 15. | અન્ય સંસ્થા દ્વારા યોજેલ કયા વિષયના આવા કાર્યક્રમમાં હાજરી આપી છે? વર્ષ જણાવવું. | : | |

તારીખ: (અરજદારની સહી)

સ્થળ:

(ગાઈડ/ સુપરવાઈઝર/
કોલેજ-સંસ્થાના વડા/
પ્રિન્સીપાલની સહી અને સિક્કો)

* પીએચ.ડી.ના વિષય સંબંધિત અથવા તો હાલમાં હાથ ધરેલ સંશોધન કાર્ય અંગે.